# પ્રસાર ભારતી
## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 04-Dec-2024 સવારે : 7.45 થી 7.55

વાર : બુધવાર

1) મહારાષ્ટ્રમાં વિધાનસભા પક્ષનાં નેતાની પસંદગી માટે આજે મુંબઈમાં ભાજપના ધારાસભ્યોની બેઠક
2) લોકસભામાં બેન્કિંગ કાયદો સુધારા ખરડો પસારઃ બેન્ક ખાતામાં નોમિનીની સંખ્યા હાલનાં બેથી વધારીને ચાર થશે
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઓડિશાના પુરીમાં શ્રી જગન્નાથ મંદિરની મુલાકાત લેશેઃ નૌસેના દિવસની ઉજવણીમાં ભાગ લેશે
4) દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિએ દેશભરમાં પ્રચંડ વિરોધને પગલે દેશમાંથી ઇમરજન્સી માર્શલ લૉ હટાવવાની જાહેરાત કરી
5) અંડર-19 એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં, ભારત આજે યજમાન સંયુક્ત આરબ અમીરાત (UAE) સામે તેની ત્રીજી વન-ડે આંતરરાષ્ટ્રીય મેચ રમશે

## ***MAHA - BJP MEETING***

**મહારાષ્ટ્રમાં ભાજપના નવા ચૂંટાયેલા વિધાનસભ્યો તેમના નેતાની પસંદગી માટે આજે મુંબઈમાં બેઠક કરશે.**

**પક્ષે નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ધારાસભ્યોને તેમના વિધાનસભા પક્ષના નેતાની પસંદગી કરવામાં મદદ કરવા નિરીક્ષકો તરીકે નિયુક્ત કર્યા છે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે આવતીકાલે સાંજે 5 વાગ્યે નવા મુખ્યમંત્રી શપથ લેશે. ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી પદની રેસમાં સૌથી આગળ માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળનાં મહાયુતિ ગઠબંધને પ્રચંડ વિજય મેળવ્યો હતો.

.................

## *LS - BANKING LAW*

લોકસભાએ ગઈ કાલે બેન્કિંગ કાયદો સુધારા ખરડો 2024 પ્રસાર કર્યો છે.

આ ખરડા દ્વારા આરબીઆઇ એક્ટ, 1934, ધ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949, સહિતના કાયદામાં સુધારો કરવામાં આવશે.

ખરડામાં બેન્ક ખાતામાં નોમિનીની સંખ્યા હાલનાં બેથી વધારીને ચાર કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ ખરડામાં સરકારી બેન્કોમાં ડિરેક્ટરનો કાર્યકાળ આઠ વર્ષથી વધારીને 10 વર્ષ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ખરડામાં મધ્યસ્થ સહકારી બેન્કના ડિરેક્ટરને રાજ્ય સહકારી બેન્કના બોર્ડમાં સેવા આપવાની પણ મંજૂરી અપાઈ છે.તેમાં ઓડિટરોને ચૂકવવામાં આવતું મહેનતાણુ નક્કી કરવામાં બેન્કોને વધુ સ્વતંત્રતા આપવાની પણ જોગવાઈ છે.

ખરડો દાખલ કરતા કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, સૂચિત સુધારાથી બેન્કિંગ સેક્ટરમાં ગવર્નન્સ મજબૂત બનશે અને ગ્રાહકોની સગવડતામાં વધારો થશે.

.................

## *ISRO - PSLV C59 LAUNCH*

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ISRO આજે સાંજે PSLV-C59/Proba 3 મિશનને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી લોન્ચ કરશે.

PSLV C59 યુરોપિયન સ્પેસ એજન્સીના પ્રોબા 3 ઉપગ્રહોને અત્યંત લંબગોળ ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત કરશે. ઈસરોની વ્યાપારી શાખા ન્યુ સ્પેસ ઈન્ડિયા લિમિટેડને યુરોપની અવકાશ સંસ્થા તરફથી આ ઓર્ડર મળ્યો છે. પ્રોબા 3 ઉપગ્રહ ભ્રમણકક્ષામાં પહોંચ્યા પછી બે ભાગમાં વહેંચાઈ જશે. આ ઉપગ્રહો સૂર્યની બહારની બાજુ, તેની આસપાસનું વાતાવરણ, અવકાશનું હવામાન અને સૌર પવનનો અભ્યાસ કરશે.

.................

## PRESIDENT ODISHA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે ઓડિશાના પુરીમાં 12મી સદીના શ્રી જગન્નાથ મંદિરની મુલાકાત લેશે. દર્શન કર્યા બાદ તેઓ પુરીમાં ગોપબંધુ આયુર્વેદ મહાવિદ્યાલયની 75મી વર્ષગાંઠની ઉજવણીમાં ભાગ લેશે.

ભારતીય સશસ્ત્ર દળોના સર્વોચ્ચ કમાન્ડર રાષ્ટ્રપતિ મુર્મુ આજે બપોરે પુરીના બ્લુ ફ્લેગ બીચ પર નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી દ્વારા આયોજિત નૌસેના દિવસમાં મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે.

.................

## NAVY DAY

આજે દેશભરમાં નૌસેના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

ભારતીય નૌકાદળની સિદ્ધિઓ અને ભૂમિકાનું સન્માન કરવા માટે દર વર્ષે 4 ડિસેમ્બરે આ દિવસ ઉજવવામાં આવે છે. 1971માં આજના દિવસે ઓપરેશન ટ્રાઇડેન્ટ દરમિયાન, ભારતીય નૌકાદળે પીએનએસ ખૈબર સહિત ચાર પાકિસ્તાની જહાજોને ડૂબાડ્યા હતા, જેમાં પાકિસ્તાની નૌકાદળના સેંકડો કર્મચારીઓ માર્યા ગયા હતા

.................

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## PARL- BLOCKADE

લોકસભા સચિવાલયે સંસદસભ્યોને સંસદ ભવનના પ્રવેશદ્વારની સામે વિરોધ પ્રદર્શન કે દેખાવો ન કરવા વિનંતી કરી છે.

તેણે ઉમેર્યું હતું કે આવી પ્રવૃત્તિઓ ગૃહની બેઠકો દરમિયાન સંસદના ચેમ્બરમાં સભ્યોની અવરજવરમાં ગંભીર અવરોધ ઉભી કરે છે. આ અંગે લોકસભા અધ્યક્ષ દ્વારા જારી કરાયેલા નિર્દેશો તરફ પણ તેમનું ધ્યાન દોર્યું હતું. લોકસભા સચિવાલયે જણાવ્યું હતું કે સંસદ ભવનમાં સભ્યોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બિલ્ડિંગના પ્રવેશદ્વારને કોઈપણ અવરોધોથી મુક્ત રાખવા જરૂરી છે.

.................

## INDIA - COP16

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી, ભૂપેન્દ્ર યાદવે જમીનનું ધોવાણ અને બળજબરીથી થતાં સ્થળાંતર પર તેની અસરની સમસ્યા હલ કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેઓ સાઉદીની રાજધાની રિયાધમાં યુએન કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટિફિકેશન (UNCCD) CoP16 ખાતે સ્થળાંતર અંગે મંત્રી સ્તરીય સંવાદને સંબોધિત કરી રહ્યા હતા.

શ્રી યાદવે જણાવ્યું કે,ભારતે જમીન અને પાણી વ્યવસ્થાપન માટે સ્પેસ ટેકનોલોજી, જીઓગ્રાફિક ઇન્ફોર્મેશન સિસ્ટમ્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિતની આધુનિક ટેકનોલોજી અપનાવી છે.

.................

## *SOUTH KOREA - MARTIAL LAW*

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક યેઓલે તમામ પક્ષોનાં ધારાસભ્યોનાં પ્રચંડ વિરોધ અને રાષ્ટ્રીય ધારાસભાએ કરેલા મતદાનને પગલે દેશમાંથી ઇમરજન્સી માર્શલ લૉ હટાવવાની જાહેરાત કરી છે.

આશ્ચર્યજનક રીતે કટોકટીની જાહેરાતનાં લગભગ છ કલાક પછી યુન સુકનાં મંત્રીમંડળે માર્શલ લોને સમાપ્ત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફે પુષ્ટિ કરી હતી કે લશ્કરી કાયદાને લાગુ કરવા માટે એકત્ર કરવામાં આવેલા સૈનિકો તેમના થાણા પર પાછા ફર્યા છે અને સ્થિતિ પૂર્વવત થઈ છે.

દક્ષિણ કોરિયાનાં વિરોધ પક્ષ ડેમોક્રેટિક પાર્ટીના ફ્લોર લીડર પાર્ક ચાન-ડેએ રાષ્ટ્રપતિ યૂન પર રાજદ્રોહનો આરોપ લગાવીને દેશમાં માર્શલ લો લાદવા બદલ તાત્કાલિક હોદ્દો છોડવાની માંગણી કરી હતી.

.................

## *U-19 ASIA CUP CRICKET*

અંડર-19 એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં, શારજાહ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત આજે સવારે યજમાન સંયુક્ત આરબ અમીરાત (UAE) સામે ગ્રુપ A માં તેની ત્રીજી વન-ડે આંતરરાષ્ટ્રીય મેચ રમશે.

ભારતીય સમય પ્રમાણે મેચ સવારે 10:30 વાગ્યે શરૂ થશે. ગ્રુપ Aની અન્ય એક મેચમાં પાકિસ્તાનનો મુકાબલો દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં જાપાન સામે થશે.

ભારત હાલમાં ગ્રુપ Aમાં બીજા સ્થાને  હોવાથી સેમિફાઇનલમાં પ્રવેશવા UAE સામેની મેચ જીતવી જરૂરી છે.

ટુર્નામેન્ટની શરૂઆતમાં, ભારતે તેની બીજી ગ્રુપ મેચમાં જાપાનને 211 રનના મોટા માર્જિનથી હરાવીને જીત મેળવી હતી. જો કે, ભારત પાકિસ્તાન સામે પ્રથમ મેચ હારી ગયું હતું.

.................

## *HOCKEY - JUNIOR ASIA CUP*

ઓમાનના મસ્કતમાં પુરુષોની હોકી જુનિયર એશિયા કપની સેમિ ફાઇનલમાં વર્તમાન ચેમ્પિયન ભારતે મલેશિયાને 3-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે.

દિલરાજ સિંહ, રોહિત અને શારદાનંદ તિવારીએ એક એક ગોલ કર્યા હતા. આજે રમાનારી ફાઇનલ મેચમાં ભારત કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે. પાકિસ્તાને પ્રથમ સેમિ ફાઇનલમાં જાપાનને 4-2થી હરાવ્યું હતું.

.................

## *ASIAN WOMEN'S HANDBALL*

એશિયન મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં, યજમાન ભારત આજે સાંજે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં તેની બીજી ગ્રુપ B મેચમાં ઈરાન સામે ટકરાશે. મેચ ભારતીય સમય પ્રમાણે સાંજે 6 વાગ્યે શરૂ થશે.

દિવસની અન્ય મેચોમાં, હોંગકોંગ ચીન ગ્રૂપ બીની મેચમાં જાપાનનો સામનો કરશે, જ્યારે સિંગાપોર ચીન સામે ટકરાશે, અને કઝાકિસ્તાન ગ્રૂપ Aની મેચોમાં રિપબ્લિક ઓફ કોરિયા સામે ટકરાશે.

ગઈ કાલે, ભારતે તેની શરૂઆતની ગ્રુપ B મેચમાં હોંગકોંગ ચીનને 31-28 થી હરાવ્યું હતું. ભારતે સૌ પ્રથમ વાર હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કર્યું છે.

.................

## *INDIA - BANGLADESH RELATIONSHIP*

બાંગ્લાદેશમાં ભારતના હાઈ કમિશનર પ્રણય વર્માએ કહ્યું હતું કે નવી દિલ્હી ઢાકા સાથે સકારાત્મક, સ્થિર અને રચનાત્મક સંબંધ બનાવવા માંગે છે.

ઢાકામાં વિદેશ મંત્રાલયમાં પત્રકારો સાથેની ટૂંકી વાતચીતમાં હાઈ કમિશનરે કહ્યું કે ભારત શાંતિ, સુરક્ષા અને વિકાસ માટેની બંને દેશોની સહિયારી આકાંક્ષાને પરિપૂર્ણ કરવા માટે બાંગ્લાદેશ સાથે કામ કરવામાં રસ ધરાવે છે.

રાજદૂતે બંને દેશો વચ્ચેના સંબંધોને "બહુપક્ષીય અને વ્યાપક" ગણાવી ઉલ્લેખ કર્યો કે તેઓ તેને એક મુદ્દા અથવા એજન્ડા તરીકે મર્યાદિત નથી કરતા.

દરમિયાન, ત્રિપુરાની રાજધાની અગરતલામાં બાંગ્લાદેશની આસિસ્ટન્ટ હાઈ કમિશન ઓફિસમાં સલામતી ભંગને પગલે બાંગલાદેશે તેની તમામ વિઝા અને કોન્સ્યુલર સેવાઓને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધી છે.

દરમિયાન, બાંગલાદેશમાં હિન્દુઓ પર અત્યાચારનાં મુદ્દે બ્રિટનના સાંસદોએ ચિંતા વ્યક્ત કરી છે. બાંગલાદેશની ચિંતાજનક સ્થિતિ અંગે બ્રિટનની સંસદનાં હાઉસ ઓફ કોમન્સમાં તાકીદનાં મુદ્દાને રજૂ કરવામાં આવ્યો હતો. કોન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદ પ્રિતી પટેલે બાંગલાદેશની સ્થિતિને ચિંતાજનક ગણાવી હતી.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

### *HARSHAL PANDYA*

- આજના અખબારોમાં અલગ અલગ સમાચારને લઇને હેડલાઇન્સ જોવા મળી રહી છે. જેમાં દેશમાં બેંન્કિગ સુધારા બીલને સંસદની મંજૂરી , દક્ષિણ કોરિયામાં માર્શલો લાગુ, બાંગ્લાદેશમાં હિન્દુઓને હુમલાથી બચવા ઓળખ છુપાવીને રહેવાના સમાચાર જોવા મળી રહ્યેં થે.
- ગુજરાતી અખબાર દિવ્ય ભાસ્કરે નવી જંત્રી મામલે રાજ્ય સરકાર અને ક્રેડાઇ વચ્ચેનો ગજગ્રાહને મુખ્ય સમાચાર બનાવ્યાં છે.

- બાંગ્લાદેશમાં હિન્દુઓને જીવવુ હોય તોધાર્મિક ઓળખ છુપાવે તેવી ઇસ્કોનની તાકિદના સમાચારને પહેલા પેજના મુખ્ય સમાચાર બનાવ્યાં છે
- સંદેશ દૈનિકે દક્ષિણ કોરિયામાં માર્શલ લો અમલમાં હજારો લોકો રસ્તા પર , આર્મી સંસદમાં ધૂસીના સમાચાર મુખ્ય છે
- બેન્કિગ કાયદામાં સુધારા બિલને સંસદની મંજૂરીના શિર્ષક હેઠળ ફૂલછાબ અને નવ ગુજરાત સમયે હેડલાઇન્સ બનાવી છે.
- જ્યારે અંગ્રેજી અખબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે લડાખમાં ચીની સૈન્યને પરત લેવાની કવાયતને વિદેશ મંત્રીએ જયશંકરે મહત્વપૂર્ણ બાબત ગણાવવાના સંમાચારને હેડલાઇન્સમાં લીધા છે
- હિન્દી દૈનિક રાજસ્થાન પ્રત્રિકાએ મહિલા સુરક્ષા કાનૂનને મહત્વ આપીને પહેલા પેજના મુખ્ય સમાચાર બનાવ્યાં છે.
- જ્યારે રાજ્ય અને સ્થાનિક સમાચારમાં દરેક અખબારોએ છેલ્લાપેજ ઉપર ખ્યાતિ કૌભાંડમાં તપાસ , બીઝેડ કૌભાંડ, ગુજરાત હાઇકોર્ટે ફેમિલ કોર્ટને લગ્ન સંબંધિત વિવાદોના કેસને ઝડપી ચલાવવા આપેલી સૂચનાના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે.

-------------